
## વડીલોને વંદન અભિનંદન



જમનાબેન પટેલ
(૧૯૩૭) ફોન: ૨૩૨૨૩૭૨૭



સુધાબેન યોગેન્દ્રકુમાર સોની
(૧૯૫૧) ફોન: ૨૩૨૪૪૦૭૫



જયરાજસિંહ નારૂભા સરવૈયા
(૧૯૪૦) ફોન: ૨૩૨૨૩૦૭૨

# પુજાપો પધરાવવા ગયેલા યુવાનનુ તળાવમાં ડુબી જવાથી મૃત્યુ

### બહીયલના તરવૈયાઓએ મૃતદેહ બહાર કાઢ્યો : આઠ કલાક સુધી ફાયરબ્રિગેડે તળાવમાં શોધખોળ કરી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના નાના તળાવમાં ગામનો જ યુવાન પુજાપો પધરાવવા ગયો હતો. ત્યાં અચાનક પગ લપસી જતાં તળાવમાં ડુબી ગયો હતો. સવારથી સાંજ સુધી ગાંધીનગર ફાયરબ્રિગેડે યુવાનની તળાવના પાણીમાં શોધખોળ કરી પરંતુ મળી આવ્યો ન હતો. અંતે બહીયલના તરવૈયાઓની ટીમે તળાવમાંથી મૃતદેહ બહાર કાઢી પરીવારજનોને સોંપ્યો હતો. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે.

નાગ પંચમીના દિવસે સવારે વાવોલ ગામના મોટા રાવળ વાસમાં રહેતો અને કલરકામ કરતો ૩૫ વર્ષિય યુવાન સુનિલ ધુળાભાઈ રાવળ ગામના નાના તળાવે પુજાપો પધરાવવા ગયો હતો. તેનો અચાનક પગ લપસી જતાં તળાવના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. તેના મિત્રનું ધ્યાન ડુબી રહેલા સુનિલ પર પડતા તાત્કાલિક ગ્રામજનો તથા ૧૦૮, ફાયરબ્રિગેડ અને પોલીસને બોલાવી લેવામાં આવી હતી. ફાયરબ્રિગેડે તળાવ ખુંદી નાંખ્યુ પરંતુ બપોર સુધી સુનિલનો કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે બહિયલથી તરવૈયાઓની ટીમ આવી હતી અને તળાવમાંથી સાંજે પાંચ વાગ્યાના અરસામાં મૃતદેહ કાઢીને પરીવારજનોને સોંપ્યો હતો. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



સર્વ વિદ્યાલય કડી કેમ્પસ સે. ૨૩ ખાતે ગુરૂવારના રોજ ક્રિએટીવ ઝોન તથા વી.એમ.કુમાર અને એચ.વી. કન્યા બાલમંદિરના સંયુક્ત ઉપક્રમે જન્માષ્ટમી નિમિત્તે 'મટકીફોડ' કાર્યક્રમનું સુંદર આયોજન થયું હતું. સ્ટાફ બહેનો અને બાલમંદિરના નાના-ભુલકાઓએ કૃષ્ણ-રાધા-ગોવાળિયાના ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબા ગાયા અને 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી', નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ના નારા સાથે મટકીફોડ કાર્યક્રમને આનંદવિભોર બનાવ્યો હતો. મટકીફોડ કાર્યક્રમમાં કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ સાહેબ અને કન્યા હોસ્ટેલના સુપ્રિન્ટેન્ડ કૌશલ્યાબેન પરીખ અને ક્રિએટીવ ઝોનના ઈન્ચાર્જ કિરણબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. સેક્ટર-૨૪માં ઝોન-૨ પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડાની આગેવાનીમાં સભ્ય નોંધણી ઝુંબેશ યોજાઈ હતી. આ પ્રસંગે માજી ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, મહામંત્રી નિશિત વ્યાસ, કોર્પોરેટર હર્ષજીત પંડ્યા સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ૩૦૦ થી વધુ સભ્યો નોંધાયા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

## કરાઈ ગામમાંથી પરોઢીયે બાજી માંડીને બેઠેલા ૨૦ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક કરાઈ ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો શ્રાવણીયો જુગાર માંડીને બેઠા હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ૨૦ જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૩૩૫૦૦ની કિંમતના મોબાઈલો તથા રોકડ રૂ. ૫૧૦૦ મળીને કુલ રૂ. ૩૮૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી અમદાવાદ, ગાંધીનગર વિસ્તારના તમામ ૨૦ જુગારીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અસરગ્રસ્ત ખેડૂત જીવીત હોવા છતા મૃત દર્શાવી પ્લોટનો દસ્તાવેજ કરી નાંખ્યો

### સે-૨૬ ખાતેના ૧૩૫ વારના પ્લોટની છેતરપીંડી અંગે તત્કાલીન તલાટી સહિત ચાર શખ્સો સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના કોલવડા ગામમાં રહેતા યુવાને સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે તેમના પિતાને અસરગ્રસ્ત ખેડુત તરીકે સે-૨૬ ખાતે ૧૩૫ વારનો પ્લોટ મળ્યો હતો. પિતા જીવીત હોવા છતા મૃત દર્શાવીને તત્કાલીન તલાટી સહિત ચાર શખ્સોએ મળીને પ્લોટનો બોગસ દસ્તાવેજ કરી નાંખ્યો હોવાની ફરિયાદને પગલે સે-૭ પોલીસે ચાર સામે છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

કોલવડા ગામના પ્રભાતજી અરજણજી ઠાકોરે સે-૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સરઢવ ગામના ભરતભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા સે-૨૭ એકતા સોસાયટીમાં રહેતા રાજેન્દ્ર શિવપ્રસાદ સિંઘ, એસ.પી. સીંઘ, કે.બી.સીંઘ મળીને ચારેય શખ્સોએ તેમના પિતા અરજણભાઈને અસરગ્રસ્ત ખેડૂત તરીકેનો સે-૨૬ ખાતે મળેલો ૧૩૫ વારનો પ્લોટ વર્ષ ૧૯૯૮થી અત્યાર સુધીમાં કોઈ પણ સમયે બોગસ દસ્તાવેજ કરીને પચાવી પાડયો છે. પ્લોટ માલિક અરજણભાઈ જીવીત હોવા છતા મૃત દર્શાવી બોગસ દસ્તાવેજ કરી નાંખનાર તત્કાલીન તલાટી સહિત ચાર સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## સે. ૩૦ સાઈબાબા મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૪

સેક્ટર-૩૦ માં આવેલ ઝુલેલાલ-સાઈબાબા મંદિર પરિસરમાં તા. ૧૭ ઓગસ્ટ, રવિવારના રોજ કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવશે. રાત્રીના ૧૦.૦૦ વાગ્યાથી કૃષ્ણ જન્મ સુધી ભજન અને ગીત-સંગીત કરવામાં આવશે. ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ બાદ ભાવિ ભક્તોને પંજરી અને ખીરનો પ્રસાદ વહેંચવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરની જનતાને ઉપસ્થિત રહેવા સિંધી પંચાયત પ્રમુખ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ કલાકે પ્રશાંતભાઈ જે. ઓઝા, ૩૨, વૃંદાવન બંગ્લોઝ કુડાસણ ખાતે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના આજે રાત્રે ૯-૦૦ વાગે મનીષભાઈ એમ. દવેના નિવાસ સ્થાને યોજાશે.
- શ્રી શિવશક્તિ શિવ મહિમ્ન સ્તોત મંડળ સે-૨૩ દ્વારા રાત્રે૯ વાગે શિવ મહિમ્ન સ્તોત અરવિંદભાઈ પંડયા ૨૯/૪, છ ટાઈપ શિવશક્તિ મંડળ પાછળ યોજાશે.
- વાવોલ રામધામ ખાતે રામકથામાં આજે રાવણ જન્મ કથા પ્રસંગ મનાવવામાં આવશે.
- આજે ૩૭ દેવી-દેવતાઓની પ્રતિમાઓ ધરાવતા હીરામણિ દેવમંદિરનો પાટોત્સવ અને પૂજનવિધિ સંસ્થા હોસ્ટેલ કેમ્પસ, એસ.જી. હાઈવે, નિરમા યુનિવર્સિટી સામે સવારે ૯.૧૫થી ૧૦.૩૦ કલાકે યોજાશે.

## ઝાડા નિયંત્રણ હેઠળ અડાલજ માણેકબા કોલેજમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

અડાલજમાં આવેલ શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અને તાલુકા આરોગ્ય અધિકારી કચેરી દ્વારા ઘનિષ્ઠ ઝાડા નિયંત્રણ કાર્યક્રમ પખવાડિયા અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૧૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ નીશા મનસુરી, બીજો રિશિતા પંચાલ અને ત્રીજો નંબર નીશા ઠાકોરે મેળવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીનીઓને આશ્વાસન રૂપે રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય વિભાગના અધિકારીઓ અને માણેકબા કોલેજનો શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો.

## સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે જન્માષ્ટમી નિમિત્તે મહાપૂજા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટયોત્સવ એવા જન્માષ્ટમીના પાવન પર્વની સમગ્ર ગાંધીનગરમાં ધામધૂમથી ઉજવણી માટે તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગાંધીનગરની અગ્રણી શિક્ષણ સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સેક્ટર-૨૩ દ્વારા પણ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૭મી ઓગષ્ટ જન્માષ્ટમીના દિવસે સ્વામિનારાયણ ગુરૂકુળ કેમ્પસ ખાતે સવારે૯ કલાકથી કૃષ્ણ જન્મોત્સવ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં સંસ્થાના બાળકો કૃષ્ણના બાળપણના નટખટ પ્રસંગો અને યુવાનીના જગત ઉદ્ધારના કાર્યોને નાટિકા અને નૃત્ય દ્વારા રજૂ કરશે. આ પહેલા સવારે ૭.૩૦થી ૯ કલાકે ગુરૂકુળ સત્સંગ ભવન ખાતે ૧૫૧ સમૂહ મહાપૂજાનું પણ આયોજન કરાયું છે. ગુરૂકુળ વાલીમંડળ તરફથી સરકારી વકીલ આશિષ જોશી દ્વારા નગરજનોને જન્માષ્ટમીની શુભેચ્છા સાથે આ કાર્યક્રમમાં સહભાગી થવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ યોજાશે

સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા જન્માષ્ટમીના દિવસે સાર્વજનિક શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવનાર છે. સેક્ટર-૨૩ લગ્નવાડીમાં સાંજના ભગવાન ભોળાનાથની સ્તુતિવંદન, શિવ મહિમ્ન પાઠ, રાસ ગરબા, મટકી ફોડ કાર્યક્રમ તથા કૃષ્ણ ભજન અને આરતી તથા કૃષ્ણ જન્મોત્સવ યોજાશે.

## સે-૩-એ ન્યુમાં નંદ ઘેર આનંદ ભયો, કૃષ્ણજન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

જય અંબે યુવક મંડળ અને શિવશકિત પરિવાર દ્વારા જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. શિવ શકિત મંદિર સેક્ટર-૩/એ ન્યુ ખાતે તા. ૧૭ ઓગસ્ટના રોજ યોજાશે જેમાં રાત્રે ૮-૦૦થી ૧૨-૦૦ કલાક દરમિયાન ભવ્ય રાસ ગરબા, રાત્રે ૧૨-૦૦ વાગે શ્રી કૃષ્ણ જન્મ (હિંડોળા દર્શન) રાત્રે ૧૨.૩૦થી ૧-૦૦ દરમિયાન બાળકો દ્વારા સ્ટેજ પ્રોગ્રામ અને મધ્યરાત્રિએ ૧-૦૦ વાગે આતશબાજી સાથે મટકી ફોડ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં જે બાળકો પરફોર્મન્સ કરવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે આજે સાંજ સુધી જય અંબે યુવક મંડળના સભ્યો પાસે નામ નોંધાવવા જરુરી છે.

## રવિવારે અમદાવાદમાં મન મોહન મોરલી અને મોરપીંછ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા રોયલ એન્ટરટેઈનમેન્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૧૭મી ઓગસ્ટ રવિવારે 'મન, મોહન, મોરલી અને મોરપીંછ' નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અમદાવાદના ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૦૦ વાગે યોજાશે. જેમાં સુવિખ્યાત હાસ્યકાર શાહબુદ્દીન રાઠોડ, લોકપ્રિય કોલમિસ્ટ જય વસાવડા, કવિ ભાગ્યેશ જહા અને લોકગાયક યોગેશ ગઢવી તેમની કલા વડે કૃષ્ણ સાથે શબ્દાનુસંધાન કરશે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પદે ભાજપના પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા તેમજ અતિથિ વિશેષ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની એકઝીક્યુટીવ કમિટીના ચેરમેન વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમનું સંચાલન દીપક અંતાણી દ્વારા કરવામાં આવશે.

# ગાંધીનગર નિર્માણના અસરગ્રસ્ત ખેડૂતોને મકાનના દસ્તાવેજ કરવા દેવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની રચના કરવા માટે ખેડૂતોએ તેમની જમીનો સરકારને આપી હતી. તેના બદલામાં તેમને નોકરી, પ્લોટ અને દુકાન એમ ત્રણ લાભમાંથી કોઈપણ બે લાભ લેવાનું કહેવામાં આવ્યુંહતું. આ અસરગ્રસ્ત ખેડૂતોમાં જેમણે પ્લોટ મેળવ્યો હતો તેમણે ત્યાં મકાન પણ બનાવ્યા હતા. આ દરમ્યાન સરકારના હુકમ મુજબ કોઈ ખેડૂત પ્લોટ નહી વેચી શકે પરંતુ મકાન બનાવીને વેચી શકશે ત્યારે આ મુજબ ઘણા ખેડૂતોએ મકાન વેચ્યા હતા અને તેના દસ્તાવેજ કરાવ્યા હતા. હવે આમાંથી બાકી હી ગયેલા અસરગ્રસ્ત ખેડૂતોમાં જેને પૈસાની જરૂરિયાત હોય અને મકાન વેચવુ હોય તેઓ અત્યારે તેમ કરી શકતા નથી. કારણકે હાલમાં બે વર્ષથી દસ્તાવેજ બનાવવાનું બંધ છે. આ કારણે સરકારની તિજોરી પર પણ અસર પડી રહી છે. અને અસરગ્રસ્ત ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે. આ અસરગ્રસ્ત ખેડૂતોને ઘરના નાના-મોટા પ્રસંગ અર્થે નાણાંકીય જરૂરિયાત ઉભી થાય તો મકાન વેચી શકે અને તેના દસ્તાવેજ કરી શકે તેવો ઉકેલ લાવવા સુપ્રિમ કોર્ટને ગાંધીનગર અસરગ્રસ્ત વેપારી મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૫૪૭૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | ■ | ૬ | ૭ | | | |
| ૮ | ૯ | ૧૦ | | | | ■ | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | |
| ■ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | ૧૯ | ■ | ■ | ■ |
| | ■ | | ■ | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. પ્રેમ, સ્નેહ (૪)
૩. રેલો, પાણીનો... (૩)
૬. સમુદ્રમાં રહેલ અગ્નિ (૫)
૮. બધાનું ભલુ કરવાનો એક સ્વભાવ (૬)
૧૧. સમય, ટાઇમ (૩)
૧૨. રૂશ્વત (૨)
૧૩. પાર્ટ, ફિલ્મની પટ્ટીનો રોલ (૨)
૧૪. કપટ, છળ (૨)
૧૫. વિઘ્ન, અવાજ (૨)
૧૬. રાન, જંગલ (૩)
૧૭. ખુશામત કરવાની ટેવ (૫)
૨૦. અડપલાં (૨)

### ઊભી ચાવી

૧. પ્રત્યક્ષ જ્ઞાન, જાતે વેઠેલું (૪)
૨. એક જાતનું કાપડ (૩)
૩. લીકવીડ, રસ (૩)
૪. કલર, રંગ વર્ણ (૨)
૫. હાલચાલ (૬)
૭. 'વલસાડ' આડુઅવળું છે (૪)
૯. સારા લક્ષણ ના હોય તેવું (૫)
૧૦. વોટ, વિચાર (૨)
૧૨. કલંક, બટ્ટો (૩)
૧૩. ચાલતી વાતમાં મમરો મુકવો, .... મુકવી (૩)
૧૮. મોં તુચ્છકારમાં (૨)
૧૯. બીક બતાવવી, ડરાવવું (૨)

### શબ્દાવલી ૫૪૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) વહેવાર (૪) વાત (૬) હાડ (૭) ખલતો (૧૦) લકી (૧૧) ડુક્કર (૧૩) ડણાક (૧૫) પગરખો (૧૬) સ્તુત્ય (૧૮) પાટલા (૧૯) રીક (૨૦) ઇલુ (૨૨) અમૃતા (૨૩) ડીકો (૨૪) ઝગમગ

**ઊભી ચાવી :-** (૧) વહાલ (૨) હેડકી (૩) રખડુ (૫) તત્પર (૮) લક્કડખોડ (૯) તોરણ (૧૨) ચાગલાઇ (૧૪) કસ્તુરી મૃગ (૧૫) પટ (૧૭) ત્યકતા (૧૮) પાઘડી (૨૧) લુઝ (૨૨) અમ

## મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદના ગરબા

ગાંધીનગર, તા.૧૪

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સી દ્વારા સરસપુર ખાતે યોગીબેન દિપકકુમારને ત્યાં તા. ૧૬મી ઓગસ્ટના રોજ બપોરે એક વાગે આનંદનો ગરબો યોજાશે. તા. ૧૭મી ઓગસ્ટના રોજ સેકટર-૩-ડી રામજી મંદિરમાં સાંજે ૭ વાગે મટકી ફોડ, ભજન અને કૃષ્ણ જન્મ ઉત્સવ યોજાશે.

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સી દ્વારા જશોદાબેન મેવાડા પ્લોટ નં. ૫૦૩/૧ સેકટર-૩સીમાં તા. ૧૯મી ઓગસ્ટના રોજ બપોરે અઢી વાગે આનંદના ગરબા યોજાશે.

ઉપરોકત સમગ્ર માહિતી મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના મહિલા પ્રમુખશ્રી પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

## માણસા વિઘ્નેશ્વરી ધામમાં કૃષ્ણ જન્મોત્સવ યોજાશે

માણસા તેમજ આજુબાજુના ધર્મપ્રેમીઓને જણાવવાનું કે સંત સમાગમ, જીવદયા, માનવસેવા, સમાજ ઉત્થાન અને ભગવતોત્સવની પ્રવૃત્તિઓ આનંદીમાના વડલે યોજાય છે. જેમાં અમદાવાદના ભજનિક પૂ. ચીમનભાઈ રામી તેમજ કલાકારો દ્વારા ડાયરો સંતવાણી તથા મટકીફોડના કાર્યક્રમનું આયોજન જન્માષ્ટમીના પવિત્ર પ્રસંગે તા. ૧૭મી ઓગષ્ટના રાત્રે નવ કલાકે યોજાશે.

## શૈશવાવસ્થાથી યુવાવસ્થાની જીવનયાત્રા

(પાના નં. ૪ નું ચાલુ)

**● વ્યક્તિ એના સોળમા વર્ષે....**

- સ્વતંત્ર અસ્તિત્વની અનુભૂતિ કરે છે.
- એ સ્વતંત્રપણે, મૌલિક રીતે વિકસવાનો પ્રયત્ન કરે છે.
- પોતાને લગતાં નિર્ણયો પોતે જ કરવાનો આગ્રહ રાખે છે.
- સ્વાધ્યાય (Self learing process) અને અધ્યનશીલતાનો વિકાસ આ ઉંમરે થાય છે, થવો જોઈએ.
- માતાપિતા, પરિવારજનો પાસેથી પંદર વર્ષ સુધી મળેલા સંસ્કારોના આધારે એ પોતાના જીવનની દિશા નિર્ધારિત કરે છે.
- જીવનલક્ષી મહત્ત્વાકાંક્ષાઓનાં બીજ રોપાય છે.
- આ ઉંમર આશા, આકાંક્ષા, મહત્ત્વાકાંક્ષા અને સ્વપ્નોના જાળાંથી ગૂંથાય છે.
- મનની સંવેદનાઓ વિવિધ અને કયારેક ન સમજાય તેવા વળાંક લે છે.
- આ ઉંમરનો તરૂણ તારૂણ્ય-પ્રવેશની સાથે જ શારીરિક - માનસિક અને જનીનિ પરિવર્તનોને કારણે કયારેક ભટકી પણ જાય છે. તેથી આ નાજુક સમયમાં માતાપિતાનો મિત્રવત્ વ્યવહાર એને ભટકવા નહીં દે... રોકી શકશે. પ્રેમ અને માત્ર પ્રેમ જ બધાની સાથે યોગ્ય રીતે જોડી શકશે અને અનુચૂતિ કાર્યો કરતા રોકી શકશે.
- આ ઉંમરે એ પોતાના જીવનનું ધ્યેય નિશ્ચિત કરવાનો પ્રયત્ન કરે છે. એ વખતે માતાપિતાએ સંવાદ અને સંવાદિતાનું વાતાવરણ નિર્માણ કરવું જોઈએ.
- આ ઉંમરે એનું આત્મીયતાનું ક્ષેત્ર ઘર કે પરિવારજનો સુધી જ સીમિત ન રહેતાં મિત્રો અને સમગ્ર સમાજ સુધી વ્યાપક બને છે એની વ્યાપકતાને આવકારવી જોઈએ.

આમ, શૈશવાવસ્થાથી યુવાવસ્થા સુધીની યાત્રા સુખદ બને, માતાપિતા આ વિષયને યોગ્ય રીતે સમજી પ્રત્યેક શિશુને થનગનતો, તરવરિયો, દેશભક્ત યુવાન બનાવી આ સમાજને ચરણે ધરે એવા શુભાશયથી આ લખાણ કર્યું છે.

**ગુજરાત ઈકેલોજી કમિશન, ગાંધીનગર**

**નિવિદા**

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગરની કચેરીમાં KAREL DS200 EPBXના એએમસી (પાર્ટસ સહિત) માટેના ભાવો સીલબંધ કવરમાં તા. ૨૧-૮-૨૦૧૪ સુધીમાં નીચે જણાવેલ સરનામે કચેરીને મળી જાય તે રીતે મંગાવવામાં આવે છે.

**નિયામક, ગુજરાત ઈકોલોજી કમિશન**
બ્લોક નંબર ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧,
ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૬૫૬

માહિતી/૯૬૯/૧૪-૧૫

**જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૪-૨૦૧૫**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૮૪ લાખથી રૂ. ૨.૭૭ લાખસુધીની રકમના કુલ-૨ (બે) કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની આપવાની છેલ્લી તા. ૨૫/૮/૨૦૧૪ રહેશે અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા.૧/૯/૨૦૧૪ છે. શક્ય હશે તો ભરાઈને મળેલ ટેન્ડર તા.૨/૯/૨૦૧૪ના રોજ ૧૨.૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જરૂર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૯૭૮/૧૪-૧૫

**જાહેર નિવિદા**

મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક, માર્ગ અને મકાવ વિભાગ (ગુજરાત સરકાર) નિર્માણ ભવન, પહેલો માળ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તરફથી અત્રેની કચેરી હસ્તક રહેલાં કોમ્પ્યુટર, પ્રિન્ટર અને પેરીફરલ્સની નિભાવણી અને મરામત માટે ગાંધીનગર સ્થિત અનુભવી સંસ્થાઓ પાસેથી, આ કચેરીએ નિયત કરેલા નિવિદા પત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની સંપૂર્ણ માહિતી કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આળી છે. સંપૂર્ણ રીતે ભરેલા નિવિદા પત્રક તા. ૩૦/૮/૧૪ સુધીમાં મોકલી આપવાના રહેશે.

માહિતી/૯૭૯/૧૪-૧૫

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**

ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ

જાહેર નિવિદા નં. ૩ / ૨૦૧૪-૧૫

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર - ૩૯૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે જણાવેલ બિલ્ડીંગના કામો માટે ઓનલાઈન ટેન્ડરની ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના કામની સામે જણાવેલ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | કામ નં. ૧થી ૭ તા. ૨/૯/૨૦૧૪ ● સમય : ૧૬.૧૦ કલાકે |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ | કામ નં. ૧થી ૭ તા. ૯/૯/૧૪ |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | કામ નં. ૧થી ૭ તા. ૧૦/૯/૨૦૧૪ ● સમય : ૧૨.૩૦ કલાકે |

| ક્રમ | કામનું નામ | (૧) કામની અંદાજી રકમ રૂ. (૨) બાનાની રકમ રૂ. (૩) ટેન્ડર ફી રૂ. (૪) શ્રેણી |
|---|---|---|
| ૧. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીયર્સ પ્લેસ ઈન દહેગામ તાલુકો પેકેજ નં. પીએસડી-૧ ૨૦૧૪/૧૫ | ૧. રૂ. ૩૬,૧૪,૬૬૨.૨૨ ૨. રૂ. ૩૬,૨૦૦.૦૦ ૩. રૂ. ૧,૫૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |
| ૨. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એક વેરીયર્સ પ્લેસ ઈન દહેગામ તાલુકો પેકેજ નં. પીએસડી-૨ ૨૦૧૪/૧૫ | ૧. રૂ. ૩૬,૧૪,૬૬૨.૨૨ ૨. રૂ. ૩૬,૨૦૦.૦૦ ૩. રૂ. ૧,૫૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |
| ૩. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એક વેરીયર્સ પ્લેસ ઈન દહેગામ તાલુકો પેકેજ નં. પીએસડી-૩ ૨૦૧૪/૧૫ | ૧. રૂ. ૨૪,૦૯,૭૭૪.૮૪ ૨. રૂ. ૨૪,૧૦૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |
| ૪. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીયર્સ પ્લેસ ઈન ગાંધીનગર તાલુકો પેકેજ નં. આરપીપીજી-૧ ૨૦૧૪/૧૪ | ૧. રૂ. ૨૪,૦૯,૭૭૪.૮૪ ૨. રૂ. ૨૪,૧૦૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |
| ૫. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીયર્સ પ્લેસ ઈન ગાંધીનગર તાલુકો પેકેજ નં. પીએસજી-૧ ૨૦૧૪/૧૪ | ૧. રૂ. ૨૪,૦૯,૭૭૪.૮૪ ૨. રૂ. ૨૪,૧૦૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |
| ૬. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એચ વેરીયર્સ પ્લેસ ઈન માણસા તાલુકો પેકેજ નં. પીએસએમ-૧ ૨૦૧૪/૧૪ | ૧. રૂ. ૩૦,૧૨,૨૧૮.૫૫ ૨. રૂ. ૩૦,૧૫૦.૦૦ ૩. રૂ. ૧,૫૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |
| ૬. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એચ વેરીયર્સ પ્લેસ ઈન માણસા તાલુકો પેકેજ નં. પીએસએમ-૨ ૨૦૧૪/૧૪ | ૧. રૂ. ૩૦,૧૨,૨૧૮.૫૫ ૨. રૂ. ૩૦,૧૫૦.૦૦ ૩. રૂ. ૧,૫૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરનો વર્ગ |

માહિતી/૯૬૩/૧૪-૧૫